### GNLUમાં યોજાયેલા વર્કશોપમાં ગુજરાત ફોરેસ્ટ ફોર્સના વડા જી.કે. સિંહાએ કહ્યું

# ગુજરાત ફોરેસ્ટ વિભાગની પ્રાણી-વનસ્પતિની જાતોની ઓળખ પ્રક્રિયા સંતોષકારક નથી



ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અને ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના સંયુક્ત ઉપક્રમે જંગલોની યોગ્ય સાચવણી વિશે વર્કશોપનું આયોજન કરાયું હતું, વર્કશોપમાં ફોરેસ્ટ ફોર્સ ગુજરાતના હેડ જી.કે. સિંહા, ગુજરાત બાયોડાયવર્સિટીના કે.સી. ત્રિવેદી, ગુજરાતના ચીફ કન્ઝર્વેટર ડૉ. સંજીવ ત્યાગી અને જીએનએલયુના ડિરેક્ટર બિમલ પટેલ જોડાયા હતા. વર્કશોપમાં ફોરેસ્ટ ફોર્સના હેડ જી.કે. સિંહાએ વાતચીતમાં કહ્યું કે, દેશની ઈકોનોમીને સમુદ્ધ રાખવા માટે જીવવૈવિધતા અને જંગલો પુરતા નથી પરંતુ લોકોનું જીવનધોરણ સુધારવામાં જંગલો અને જીવવૈવિધતા ચોક્કસ પણે ઉપયોગી નિવડે છે. સોસાયટીને ઉપયોગી થવા માટે ફોરેસ્ટના અધિકારીઓએ જંગલ સંવર્ધનની પોતાની ફરજો ચુસ્ત પણે નિભાવવી જોઈએ. ગુજરાતમાં પ્રાણી અને વનસ્પતિની ઘણી જાતો છે, જેમાંથી ૨૦૧૯ના ડેટા મુજબ માત્ર ૭૨૦૦ જાતો રજિસ્ટર્ડ છે. પ્રાણી અને વનસ્પતિની ઓળખની પ્રક્રિયા હજુ પણ સંતોષકારક નથી.

## ચેલેન્જ હોવાથી બાયોડાયવર્સિટી એક્ટ સંપૂર્ણપણે અમલમાં નથી

બાયોડાયવર્સિટી એક્ટ ભારતમાં ૨૦૦૨થી અમલમાં આવ્યો છે, પરંતુ તેની સામે ઘણા ચેલેન્જિસ હોવાથી સંપુર્ણ પણે તેનું અમલીકરણ કરવામાં આવતું નથી. ભારત એક વિકાસશીલ દેશ હોવાથી દેશમાં મોટી ઈન્ડસ્ટ્રીઝની ખાસ જરૂર છે, તેની સામે જંગલોની પણ જરૂર છે. પરંતુ બંને વચ્ચેનું બેલેન્સ જાળવવામાં કેટલાક પરિબળોના કારણે મુશ્કેલીઓ આવે છે. જેનું સમાધાન આગામી સમયમાં ચોક્કસ આવશે.

**- ડૉ. સંજીવ ત્યાગી, ચીફ કન્ઝર્વેટર ગુજરાત**

## કોર્ટના બાયોડાયવર્સિટી વિશેના ચુકાદા વિશે ડિસ્કશન

પેનલ ડિસ્કશનમાં હાલના સમયમાં કોર્ટ દ્વારા ફોરેસ્ટ અને બાયોડાયવર્સિટી વિશે આપવામાં આવેલા ચુકાદાઓ સંબંધિત વાતો કરાઈ હતી. જેમાં દિવ્યા ફાર્મસી વિશે ઉતરાખંડ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા અને આયુસ ડ્રગના ચુકાદા વિશે વિસ્તારથી વાત કરાઈ હતી. ઉતરાખંડ કોર્ટે દિવ્યા ફાર્મસી લોકલ બાયોડાયવર્સિટીના સંવર્ધનમાં જોડાવા માટેની સુચના આપી હતી.

અજય મોદી નાં વેકેશન પ્રવાસો